**અલ્જવાબ વબીલ્લાહી તવફીક :** ખગોળશાસ્ત્રીય ઘડી કાઢેલ ગણતરી હિસાબની થિયરી અને મૈતુનીક ચક્ર હિસાબનો ઘડી કાઢેલ ન્યુ મૂન અને તેની દેખા દેવાની શક્યતાના ઘડી કાઢેલ હિસાબો શરીઅતમાં ભરોસાપાત્ર નથી. આ હિસાબોને ચાંદ દેખાવાની શહાદત કબૂલ કરવા માટે બુનિયાદ બનાવવું પણ સહીહ નથી. હદીષના પણ વિરુદ્ધ છે. ફુક્હાના ઉસૂલોથી પણ વિરુદ્ધ છે. આ હિસાબોને ''જમ્મે ગફીર''ની શહાદત સાથે શરત તરીકે લાગુ કરવા પણ ગૈરમાતબર અને હદીષ તેમજ ફિક્હના પણ વિરુદ્ધ છે. કોઈ બાતિલ (જેમકે આ હિસાબો છે)ના ઉપર કોઈ વસ્તુની બુનિયાદ રાખવી પણ બાતિલ છે. અલ્લાહ વધુ જાણનાર છે.

(સદર મુફતી હઝરત મવલાના) હબીબુર્રહમાન અ. અ.

૨૪ જમાદિઊદ આખર ૧૪૩૧ હિજરી

જવાબ સહીહ છે. (મુફતી) મહમુદ હશન ગુફિરલહુ બુલંદ શહરી અને (મુફતી) વકાર અલી ગુ.લ.